જન્મદિને વધામણી

ઉદય વૈષ્ણવ
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૯૭૮૪ ૦૫૦૫૦

શકુંતલાબેન શાહ
સભ્ય, જ્યોતિ મહિલા મંડળ

પલ્લવીબેન ગુપ્તે
સભ્ય, અખિલ ભારતીય
સામાજિક સ્વાસ્થ્ય સંઘ

કિશનકુમાર એમ વૈષ્ણવ
મો. ૯૮૨૫૭ ૧૨૯૬૫

વિરાજ રાજન શાહ
ફોન : ૮૧૫૫૯ ૧૦૫૫૯

કથન બિપીનભાઈ રાવલ
ફોન : ૨૩૨૩૪૫૩૫

કુંજ વિજયકુમાર રામી
મો. ૯૮૨૪૬ ૭૯૮૬૦

ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા ખાતે

રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત રાષ્ટ્રીય ખેલ સપ્તાહ ઉજવાયું

ગાંધીનગર, તા. ૧૮

શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, સાદરામાં રાષ્ટ્રીય સેવા યોજના એકમ અને આંતરગૃહ સ્પર્ધા સમિતિ દ્વારા રાષ્ટ્રીય ખેલ દિવસ સપ્તાહ અને હોકીના જાદુગર મેજર ધ્યાનચંદના જન્મદિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. ઉદાજી પરમારે હાજરી આપી હતી.

કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે ડૉ. જમનાદાસ સાવલિયા અને ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રાએ હાજરી આપી હતી. મહેમાનોનું સ્વાગત આ વર્ષના આંતરગૃહ સમિતિના કન્વીનર મેહુલ ચૌધરી અને સંજયભાઈ ઝાપડિયાએ વિદ્યાપીઠની પરંપરા મુજબ સુતરની આંટીથી કર્યું હતું. રમતગમત પર મુખ્ય પ્રવચન ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રાએ આપ્યું હતું. પોતાના ઉદબોધનમાં ગુજરાતમાં શારીરિક શિક્ષણ અને રમતગમત ક્ષેત્રે વિશ્વકક્ષાએ સગવડો અને નિષ્ણાતોના માર્ગદર્શનમાં વિશ્વકક્ષાના શ્રેષ્ઠ ખેલાડીઓ તૈયાર કરવાની ઇચ્છા બતાવી હતી. સાથે સાથે શારીરિક શિક્ષણ પણ દરેક સ્તર ઉપર વિદ્યાર્થીઓને ફરજીયાત આપવામાં આવે તે માટેની તૈયારી બતાવી હતી. આ સપ્તાહમાં હોકીની સેવન સાઈડર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં એમ.પી. એડ, ફાઈનલ યરના વિદ્યાર્થીઓ વિજેતા બન્યા હતા.

રમતગમતને પ્રોત્સાહન આપવા માટે આજુબાજુની પ્રાથમિક શાળામાં મનોરંજન રમતો જેવી કે લીંબુ ચમચી, ત્રિ-પગી દોડ ,સીકા શોધ , બોલ ઈન ડોલ , બૂક બેલેન્સ દોડ, કોથડા દોડ અને દોરડા કૂદનું આયોજન કરવામાં આવ્યું હતું અને વિજેતા વિદ્યાર્થીઓને ઈનામો પણ આપવામાં આવ્યાં હતાં. જેમાં રાષ્ટ્રીય સેવા યોજના સ્વયં સેવકો નીલેશ વાજા, જયદીપ રાઓલ, આકાશ રામી, જીગ્નેશ પટેલ, વિશાલ મકવાણા , અશોક ગોહિલ, ઘનશ્યામ વસવેલિયા, વિજય રંગપરા અને રવીન્દ્ર ચાવડાનું વિશેષ યોગદાન રહ્યું હતું. કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજભાઈ સિલાવટે , ડૉ. વિજયભાઈ મકવાણા અને ડૉ. ઉદાજી પરમારે કર્યું હતું. સમગ્ર કાર્યક્રમોના સંચાલનમાં અધ્યાપક ડૉ. જગદીશચન્દ્ર ગોઠી, ડૉ. દલસંગભાઈ ચૌધરી, ડૉ. ગીતાબેન પટેલ , ડૉ. જગદીશચન્દ્ર સાવલિયા , ડૉ. નિમેશભાઈ ચૌધરી અને ડૉ. અરવિંદભાઈ રામીએ સરાહનીય યોગદાન આપ્યું હતું.

એસ જી પ્રાથમિક શાળા ખાતે તાજેતરમાં વેજીટેબલ પ્રિન્ટીંગ એક્ટિવિટીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સ્કૂલના ધોરણ-૧ થી ૪ના વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારનાં શાકનો ઉપયોગ કરીને કલરથી કાગળ પર છાપ પાડી હતી. સમગ્ર એક્ટિવિટીમાં વિદ્યાર્થીઓનો ઉત્સાહ નોંધપાત્ર રહ્યો હતો.

આરાધના બીએડ કૉલેજ દ્વારા વડાપ્રધાનનો જન્મદિન ઉજવાયો

દેશના વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૬૭મા જન્મદિન નિમિત્તે આરાધના બીએડ કૉલેજ, સેક્ટર-૨૮ ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ અંતર્ગત વડાપ્રધાનને શુભેચ્છા આપવા માટે વિદ્યાર્થીઓ દ્વારા ૬૭ દીપ પ્રગટાવવામાં આવ્યા હતા. સંસ્થાના ચેરમેને વક્તવ્ય દ્વારા વિદ્યાર્થીઓને નરેન્દ્રભાઈ મોદીના જીવનમાંથી ઉત્તમ સંસ્કાર ગ્રહણ કરવાની પ્રેરણા આપી હતી તથા ભારતના ભાવિ વિકાસ માટે પ્રધાનમંત્રીના શતાયુ સ્વસ્થ જીવન માટે વિદ્યાર્થીઓ પાસે પ્રાર્થના કરાવી હતી. સંસ્થાના માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, પ્રાથમિક વિભાગ અને બીએડ કૉલેજના આચાર્યોએ પ્રાસંગિક પ્રવચન કરી વિદ્યાર્થીઓને પ્રધાનમંત્રીના આદર્શ વિચાર 'સ્વચ્છ ભારત અભિયાન'ને અપનાવવા સમજ આપી હતી.

કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓએ સામૂહમાં પ્રધાનમંત્રીને શુભકામનાઓ પાઠવી હતી તથા પ્રસાદ વહેંચીને સૌનું મોં મીઠું કરાવ્યું હતું. શૈક્ષણિક, વહીવટી સ્ટાફે જહેમત ઊઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

દેના ગ્રામીણ બૅન્ક દ્વારા

ફ્રી મેડિકલ કેમ્પ-રક્તદાન શિબિર

દેના ગ્રામીણ બેંક સે. ૭ ખાતે ૧૨મા સ્થાપના દિને ઈન્ડિયન મેડીકલ એસોસીએશન માણસા આર્યુવેદિક કોલેજ કોલવડા અને એલઆઈસીના સંયુક્ત ઉપક્રમે ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પ અને રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બેંકની ધિરાણ વિશેષ માહિતી મિલન સમારંભમાં આપવામાં આવી હતી. દેના ગુજરાત ગ્રામિણ બેંકના જનરલ મેનેજર રાકેશ યલવરીયા, રીજનલ મેનેજર એચ.એલ. બેરવાજી ઉપસ્તિત રહ્યા હતા. જ્યારે એલઆઈસી તરફથી ગાંધીનગર બ્રાન્ચના આસી. બ્રાન્ચ મેનેજર પ્રસાદ કુદલે, બેંક એશ્યોરન્સ ગાંધીનગરના નીતિન લેહુવા, ફાઈનાન્સ સર્કલના વિનોદ મહાજન હાજર રહ્યા હતા. આર્યુવેદિક કોલેજ કોલવડાના ડૉ. ગૌરવ ઠક્કર, ડૉ. મિહિરે સેવાઓ આપી હતી.

ડાયરેક્ટ સે

દેહ પર વસ્ત્ર ન હોય એવાં ઘણાં માણસો જોયાં છે... અને એવાં વસ્ત્રો પણ ઘણાં જોયાં છે, જેમાં માણસ નથી હોતાં !

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૨
રાઝ રિબૂટ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦
સ્ક્રીન-૩
બાર બાર દેખો
૧.૦૦
સ્ક્રીન-૩
ધી શેલોઝ (અંગ્રેજી)
૩.૪૫, ૭.૪૫
ધી શેલોઝ (હિન્દી)
૫.૪૫, ૯.૪૫
સ્ક્રીન-૪
ફિકી અલી
૧૨.૪૫
બાર બાર દેખો
૩.૪૫, ૯.૩૦
કૉલેજ બસ (ગુજરાતી)
૬.૪૫
સ્ક્રીન-૫
રાઝ રિબૂટ
સવારે ૧૦.૦૦
પિન્ક
૧.૦૦,૪.૦૦,૧૦.૦૦
ફિકી અલી
૭.૦૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

વિદેશ માત્ર વાતો કરવા માટે, વહાલપ વ્હોરવા અને વરસાવવા માટે તો વતન જ હોય !

વતન નામ સાંભળતાં જ ઘણાં બધાં સંભારણાં સ્મૃતિપટ ઉપર છવાઈ ગયાં.

કાઠિયાવાડની ધરતી. સુરેન્દ્રનગર જિલ્લા પાસેનું વઢવાણ શહેર. ભોગવો નધી, વાઘેશ્વરી ચોક, નજીકમાં ભોજનશાળા અને તેની સામે ઊંચા ઓટલાવાળું અમારું મકાન. નાનપણમાં જોયેલ વઢવાણ, એ જ મારું વતન. સમયાંતરે મકાન વેચાઈ ગયું. પરંતુ મારા ફુઆ વ્રજલાલ શુક્લ વજુભાઈ માસ્તર તરીકે વઢવાણમાં ખૂબ જાણીતા. હજુ તેમનાં મકાન છે. કેટલાંક કુટુંબીઓ પણ વઢવાણમાં નિવાસ કરે છે, જેથી પ્રસંગોપાત વતનમાં જવાનો મોકો મળે છે. મારા પિતાશ્રી અને ફુઆ પાસેથી વઢવાણની જૂની વાતો સાંભળેલી. ત્રંબકલાલ ટ્રોલીવાળાની ટ્રોલી વઢવાણ-સુરેન્દ્રનગર વચ્ચે ચાલતી. ત્રંબકટ્રોલીના હુલામણા નામથી તેઓ ઓળખાતા. વઢવાણ આખું કિલ્લાની મધ્યમાં વસેલું શહેર છે અને એની ઓળખ આપતા દરવાજા ગામ ફરતા આવેલા છે. ધોળીયા, શુક્લ શેરી વગેરે નામોથી અને હિરપરૂ બારી, જેમાંથી અવરજવર થાય તે મને હજુ પણ યાદ છે.

નાત થતી ત્યારે આખા ગામને જમણવારનું નોતરું હોય. અમે નાના, ચડ્ડી પહેરવાની ઉંમર. પંગતમાં પલાંઠી વાળીને ગોઠવાઈ જતા ને બધું નીરખતા. અદા પાંચ-સાત લાડુ તો પ્રેમથી ઝાપટી જતા. પ્રેમાળ પણ એટલા જ. ગામના ચોરા પર બેઠા હોય અને આખા ગામની ખબર રાખે. તે જમાનામાં મોબાઈલ ફોન નહોતા, પણ આખાય ગામની ખબર ચોરા પરથી મળી રહેતી.

પિતાશ્રીની નોકરીની બદલીને કારણે વતનમાં રહેવાનું ઓછું થયેલ. પરંતુ વાર-તહેવારે વઢવાણમાં જતાં પણ વઢવાણ હજુય હૃદયમાં એવું ને એવું અકબંધ સચવાયેલું છે.

- પ્રમોદ દવે (શૈલ)

મારું વતન મોટેરા, જે અગાઉ ગાંધીનગર જિલ્લામાં હતું ને હવે અમદાવાદમાં છે.

અમારા ગામમાં, તેમાંય અમારી જમીનમાં ક્રિકેટનું સ્ટેડિયમ આવેલું છે, જેના કારણે અમારું ગામ આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતું છે.

મારા વતનમાં નદી કિનારે સદાશિવ આશ્રમ છે, જ્યાં મહાદેવનું મંદિર છે. મા ગાયત્રીની ઉપાસના અહીં થાય છે. આ મંદિરે જન્માષ્ટમી નિમિત્તે મેળો પણ ભરાય છે. આ મંદિરની બાજુમાં ૧૨૫ વર્ષ પૂર્વે મોટેરા ગામ સ્થિત હતું, અત્યારનું મોટેરા એ નવું મોટેરા છે.

ગામમાં ઘનશ્યામ મહારાજનાં પગલાં પડેલાં એટલે અહીં સ્વામિનારાયણ ભગવાનનું સુંદર મંદિર છે. આ ઉપરાંત મહાકાળી માતાનું ભવ્ય મંદિર, વિહત માતાજી મંદિર, બળિયાદેવનું મંદિર, જોગણી માતાજીનું મંદિર, હનુમાનદાદા અને રામાપીરનું મંદિર પણ છે. ગામના નામે બ્રહ્માણી માતાનું ભવ્ય મંદિર છે. ગામમાં પ્રાથમિક શાળા છે, જેમાં હું ભણેલો. એક હાઈસ્કૂલ પણ છે.

ગામમાં સમતા એજ્યુકેશન ટ્રસ્ટની સારી સેવાઓ છે. વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ઉચ્ચ શિક્ષણ આપી સારી નોકરીઓ મેળવવામાં મદદરૂપ થાય છે.

ગામને ગાંધીનગર અને અમદાવાદ સાથે જોડતી મેટ્રો ટ્રેનની કામગીરી અહીં આરંભાઈ ચૂકી છે. પાંચેક વર્ષમાં અહીં મેટ્રો જોવા મળશે એવી આશા છે.

ગામની બાંધણી ખૂબ સરસ છે, અહીં લાઈનબંધ મકાનો છે, પહોળા પાકા રસ્તા છે અને રમણીય વાતાવરણ છે.

દુનિયામાં ગમે ત્યાં રહું, મારું વતન મને અદકેરું જ લાગે છે.

- ગુલાબચંદ એન પટેલ
સેક્ટર-૧૪, ગાંધીનગર

મારું વતન એટલે બોરીજ ગામ.

પિતાશ્રી પાસેથી સાંભળેલી વાત, 'બેટા, આ નવસો નાડીનું ગામ હતું. ભાંગીને ફરીથી વસેલું છે.' ગામના ઠાકોરના કહેવા પ્રમાણે, 'આ શહેર ફૂલશે-ફાલશે અને પૂર્ણ વિકાસ બાદ નદીઓ (રસ્તાઓ પર) રેલાશે !'

ચાર વર્ણો સિવાય લગભગ તમામ વર્ણો અહીં વસે છે. ગામની ૬૦ ટકા વસતી ભાડુઆતી છે.

ગામની આસપાસ જંગલ છે. સાબરમતી નદીના કિનારે વસેલા આ ગામમાં નદી પોષણરૂપ હતી, તેમાં માથાબોળ નાહ્યાનું મને યાદ છે. ખનીજ ખનનથી ૩૦ ફૂટ ઊંડા ખાડા ૨૦૧૬ના પૂર વખતે પુરાયા છે. સંત સરોવરથી ભરપૂર-નદી નયનરમ્ય બની છે.

- મૌલિક બોરીજા, બોરીજ

મારું મૂળ વતન આમ તો અમદાવાદ નજીક ધંધુકા તાલુકાનું હડાળાભાલ ગામ છે. સૌરાષ્ટ્ર-કાઠિયાવાડ અને અમદાવાદ-ઉત્તર દક્ષિણ ગુજરાતને જોડતા સૂત્ર સમું મારું આ ગામ. આમ તો ગામ દેશ-વિદેશમાં જાણીતા ઊંચી કોટિના (ભાલિયા) ઘઉં અને ભરાવદાર પૌષ્ટિક ચણા માટે ખૂબ જાણીતું છે.

ખેતર ખોરડે બાળપણ અને શાળાકાળ વિતાવીને સાડા ત્રણ દાયકા પહેલાં નોકરી માટે ભારે હૈયે હડાળાભાલથી વિમુખ થઈ ગાંધીનગર આવવાનું થયું. ભરપૂર સંબંધો, સ્નેહ અને શાંતિ મળતાં અહીં ગોઠી ગયું.

આજકાલ ઑસ્ટ્રેલિયામાં સિડની ખાતે પુત્રને ત્યાં એક માસથી રોકાયો છું, ત્યારે બંને વતન ખૂબ સાંભરે છે. વતનની યાદ એટલી જોરુકી કે અહીં ઝાકળઝમાળભર્યા પરદેશમાંય ગોઠતું નથી. અનુભવાય છે કે વિદેશ માત્ર વાતો કરવા માટે હોય છે, વહાલપ વ્હોરવા અને વરસાવવા માટે તો વતન જ હોય !

- પ્રતાપસિંહજી સોલંકી

સંવેદના
મારું વતન - વહાલું વતન

પશ્ચિમ ભારત; મધ્ય ગુજરાત, મહીસાગર જિલ્લાનું કડાણા તાલુકાનું મહી નદીને કાંઠે વસેલું અંતરિયાળ, પછાત અલ્પવિકસીત મામુલી વસ્તી ધરાવતું રજવાડી ગામ કડાણા - પ્યારું વતન...

મારા વતનની પ્રીતનાં ગીત ગાતાં મારાં રૂવાંડાં હર્ષથી પુલકીત થાય છે. મારા રક્તના કણ કણમાં કડાણાની મમતા અને માયા છલકાય છે. મારા વતનની માટીમાંથી મારા પૂર્વજોના પ્રેમની મીઠી સુવાસ પ્રસરે છે.

માતૃભૂમિની મીઠાશમાં મારી કર્મ ભૂમિનું મહત્વ વિસરી જવાય એવી અનહદ આત્મીયતા અનુભવાય છે. મારા વતનના કાળમીંઢ પત્થર,લીલાંછમ સાગનાં વૃક્ષો, એની ઝાડી - ઝાંખરાં, એની નદી કિનારે ઊડતી રેત, એની મહેકતી માટી મારી રગે રગમાં વ્યાપ્ત છે. એટલે જ તો મને ગમે મારું વ્હાલું વતન - કડાણા.

નિરાભિમાની, નિસ્વાર્થ અને નિર્દોષ 'હમ વતની' ઓની હૂંફ આજે પણ મીઠો આવકાર આપી બોલાવે છે. મારી સ્ટેટ સમયની શાળા, એના ઓરડા, મલખમનો થાંભલો,બાળ ભેરૂઓ સાથે સતત મીઠું જળ વહેતી અને એક બાજુ મહીસાગર નદીથી કુદરતી રીતે રક્ષિત હોવાથી પાઘડી પટે વસેલું છે. ભૌતિકતા ને ભૂલી કુદરતી શાંતિને વરેલુ છે. પૂરાણા સમયમાં બહારવટીયા લૂંટ- ફાટ માટે વાજતે - ગાજતે ગામમાં પ્રવેશતા ત્યારે આક્રમણના ભયથી ડરીને પ્રજા ઘર છોડી બે ડુંગરની વચ્ચેના ખીણ જેવો ભાગ 'ખો' માં છુપાઈ જતી.

ગામમાં ગણી- ગાંઠી દુકાનો છે, પરંતુ વ્યસન મુક્ત ગામ હોવાથી એક પણ પાન - મસાલાનો ગલ્લો નજરે પડતો નથી. 'આ નુનહી, પેલાનુ નહી અમારા સૌનું ગામ' કડાણાથી ૫ કિ.મી. દૂર ૧૯૭૯ માં બંધાયેલ કડાણા ડેમના દરવાજા ખોલતાં ઘોડાપૂર સમયે સુમધુર સંગીત બંધ બારી- બારણાંની તિરાડમાંથી પ્રવેશી વસાહતીઓને આનંદ - પ્રમોદ પીરસે છે. ગામ લોકોના મૂઠીભર મંદિરમાં 'એ જી તારું ગામ પૂછીને કોઈ આવે તો, આવકાર મીઠો આપજે રે' મંત્ર કંડારાયેલો છે.

'સાથી તો હૈ વતનમેં મેં ગાંધીનગરમેં ઠહરતા હું
અરમાન હૈ યહ જી મેં જલ્દી સે માદરે વતન પહુંચ જાઉં
ઊંચે ડુંગરકી ટોચ પર બૈઠું, કડાણા કા ગુણગાન ગાઉં'

એ મેરે પ્યારે વતન ... 'સ્માર્ટ વિલેજ' તરફ ડગ માંડી રહેલી જન્મભૂમિને શત શત વંદન...

- જયેન્દ્ર એન. પાઠક
(કડાણા)

વાચકોને આમંત્રણ

'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

'મારું વતન - વહાલું વતન'